# અય (મકાન) માલિક તેરે બંદે હમ!

ન બોલવામાં નવ ગુણ
★ નટવર પંડયા




"ભાગ્યમાં હોય તો સારો ભાડૂત મળે, નહીં તો રહે ત્યાં સુધી નડે.' એવું મકાનમાલિકો કહે છે જી... આજે મકાનવાંચ્છુ ભાડૂત માટે મોટા શહેરમાં મકાન શોધવું એ આજકાલ લગ્નોત્સુક યુવાન માટે કન્યા શોધવા જેવું કપરું કાર્ય છે. જેમ ગમે તેટલા ઠેકાણા જોવા છતાં મોટા ભાગના યુવાનોને મનગમતી કન્યા મળતી નથી, પછી ચલાવી લેવું પડે છે. એ જ રીતે અનેક મકાન જોવા છતાં ભાડૂતને મનગમતું મકાન કે મકાનમાલિક મળતા નથી, પછી ચલાવી લેવું પડે છે. બસ, આમ ચલાવી લેવામાં સૌનું ચાલે છે.

સુરતમાં ભાડે રહેતા અમારા એક મિત્રને એકાએક તેના મકાનમાલિકે પંદર દિવસમાં મકાન ખાલી કરવાનું કહ્યું. જો ઘરનો સામાન ભરવા માટે બીજું મકાન મળે તો આ મકાન ખાલી થઈ શકે; એમ ને એમ તો ખાલી થઈ શકે નહીં, પણ મકાનમાલિક આ સ્થિતિ ઉપર વિચાર કરવા માંગતા નહોતા. સામાન્ય રીતે મિત્રના મકાનમાલિક સમજાવ્યા સમજે એવા હતા. એટલે મિત્ર મકાનમાલિકને 'અય (મકાન) માલિક તેરે બંદે હમ...'ની ભૂમિકામાંથી સમજાવ્યા. વિશેષમાં કહ્યું કે, 'હું ભક્ત ધ્રુવની જેમ પંદર દિવસ ભૂખ્યો-તરસ્યો તપશ્ચર્યા કરું તો કદાચ ભગવાન મળે, પણ પંદર દિવસમાં આ શહેરમાં મકાન ન મળે.' મિત્રે બીજા લોકોના માધ્યમથી પણ મકાનમાલિકને મનાવવાનો પ્રયત્ન કર્યો, પણ મકાનમાલિક એકના બે તો શું, દોઢ પણ ન થયા.

પછી ખબર પડી કે એ જ મકાનમાં મકાનમાલિકની ડિવોર્સી સાળી રહેવા આવવાની હતી. આ હકીકત જાણ્યા પછી મિત્રે આશાનો દીપક બુઝાવીને એક બીડી સળગાવી અને મકાનશોધનો શુભારંભ કર્યો. લાગતા-વળગતાઓએ પણ ઘણી તપાસ કરી, પણ મિત્રનો ખાલીપો પૂરે એવું ખાલી મકાન ન મળ્યું.

મેં મિત્રને કહ્યું, 'પહેલાંના જમાનામાં ગામમાં ટહેલિયા બાવા આવતા. તેઓ ગામમાં આવીને બે-ચાર મણ ઘઉં કે બાજરો કરી દેવાની ટહેલ નાખતા અને પછી ચીપિયો વગાડીને કે ફાટેલું હાર્મોનિયમ વગાડતાં વગાડતાં શેરીએ-શેરીએ ફરી ટહેલ પૂરી કરવા ધૂન-ભજન ગાતા. એ રીતે તું ગળામાં એક મોટું છતાં હળવું પાટિયું લટકાવી, તેના પર 'મકાન ભાડે આપવા મહેરબાની કરો, મા-બાપ!' એવું લખાવી, સાથે ઢોલક વગાડનારી એક બાઈ રાખી ગલીએ-ગલીએ મકાનની ટહેલ નાખ.

તારે તારા બરછટ બુલંદ સ્વરે કહેવાનું કે... 'અમારા મલકમાં મકાનનો લીલો દુકાળ પડ્યો છે, મા-બાપ! શેઠ (મકાનમાલિક) સાળીનો થઈ ગયો, ખરે ટાણે દગો દઈ ગયો. મારે બે દીકરીઓ છે અને બે બેરી... સોરી, સોરી... એક બેરી છે, મા-બાપ! તમારે આશરે ઊભો છું. વખાનો માર્યો આવ્યો છું, ડખાનો માર્યો નહીં!' આવું ઊંચા કરુણ સ્વરે બોલીને કહેવાનું. આમ પંદર દિવસ ફરીશ તો કોઈકના હૃદયમાં કરુણાનું આછું-પાતળું ઝરણું ફૂટી નીકળશે. પછી તે ઝરણાની નદી તો અમે કરી દઈશું. આ રીતે તું આશરો પામી શકીશ.'

પણ મિત્રે અમારી સલાહનો ત્વરિત અમલ ન કર્યો. ભાગ્ય એના!

છેવટે મિત્રના બહેન (નામ સમજુબહેન)એ વાસ્કો-દ-ગામાની જેમ અનેક સોસાયટીઓની સફર ખેડીને મહામહેનતે એક ખાલી મકાન શોધી કાઢ્યું. પછી તેણે મકાનમાલિક પણ શોધી કાઢ્યાં. મકાનમાલિક એક મહિલા હતાં. તેઓ તાજાં નિવૃત્ત થયેલાં સરકારી કર્મચારી હતાં. તેમનું 'શુભ નામ' વૈરાગીબહેન હતું. તેમના નામ એવા જ ગુણ અને દેખાવ હતાં. (દેખાવ સામેવાળાને વૈરાગ જાગે તેવો હતો.) તેઓ આજીવન કુંવારા રહ્યાં હતાં. તેમને બે ઘર હતાં (છતાં તેમનું ઘર બંધાયું નહોતું.) એટલે તેમને ક્યારેય ભાડે રહેવાની નોબત આવી નહોતી.

સમજુબહેને તેમને વાત કરી તો વૈરાગીબહેને આર્થિક વૈરાગના ભાવ સાથે કહ્યું, 'હું કોઈને મકાન ભાડે આપતી જ નથી!'

સમજુબહેને કહ્યું, 'ભાડે ન આપતા હો તો

**આપણે ત્યાં દર વર્ષે, છ મહિને કે દર અગિયાર મહિને તો બૂચ મારવાવાળા મકાન બદલાવતા હોય છે**

આશરાનો ધર્મ સમજીને એમ જ આપો, અમે ભાડું આપ્યા વિના ચલાવી લઈશું, બીજું શું!'

સમજુબહેને વૈરાગીબહેનને એટલાં બધાં સમજાવ્યાં કે જો તેમને આ ઉંમરે લગ્ન કરવા સમજાવ્યાં હોત તો તેઓ જતી જિંદગીએ લગ્ન કરવા માટે પણ તૈયાર થઈ જાત અને ધોળામાં ધૂળ નહીં, પણ મહેંદી નાખત.

પેલી કહેવત છે કે મોતને બાઝીએ ત્યારે માંડ તાવ આવે. એમ મિત્રને મકાન ભાડે મળ્યું, પણ ફક્ત અગિયાર મહિનાના કરાર પર એટલે મિત્રનું દિલ બેકરાર થઈ ગયું. મિત્રે બારમાં મહિને બીજું મકાન શોધવું પડે એવી સ્થિતિ હતી. એટલે તેનો અગિયારમો મહિનો તો પ્રસૂતિની પીડામાં જ જાય અને પહેલાંના અગિયાર મહિના તે ભારે વગોવે જ!

મિત્રે કહ્યું, 'આપણે ત્યાં દર વર્ષે, છ મહિને કે દર અગિયાર મહિને તો બૂચ મારવાવાળા મકાન બદલાવતા હોય છે. આ રીતે મકાન બદલાવું તો લોકો માને કે, 'નક્કી, મેં કોઈકનું કરી નાખ્યું હશે.'

વળી, અગિયાર મહિનાના ભાડા કરાર પર મકાન રાખ્યું હોય તો મકાન રાખ્યા પછી તરત જ બીજા મકાનની શોધ આદરી દેવી પડે. આ રીતે પાછા મકાન શોધવાનું શરૂ કરીએ એટલે લોકો પ્રશ્નો પૂછે કે, 'અરે રે... હજુ સુધી મકાન નથી મળ્યું?'

મિત્ર કહે કે, 'મળી તો ગયું.'

તો સામેવાળો પૂછે, 'તો પછી શું કામ ગોતો છો? શું પ્રોબ્લેમ છે?'

જેમ પ્રૌઢ શિક્ષણમાં ભણતા વડીલને 'ૠ' શીખવવો જેટલો અઘરો પડે, એટલો જ મકાન વિશે પ્રશ્ન પૂછનારને આ આખો પાઠ સમજાવવો અઘરો પડે.

મિત્ર અગિયાર મહિના પછીના વિચારમાં હતો એટલે મેં તેને નિઃશુલ્ક આઈડિયા આપ્યો કે, 'તું એ શોધી કાઢ કે વૈરાગીબહેનને શું ગમે છે. તેમને જે કંઈ ગમતું હોય એવી પ્રવૃત્તિ તું કરીશ તો સારા સંબંધો કેળવાશે અને તેઓ તને ફરીથી મકાન આપશે.'

મિત્ર ઝેરનો ઘૂંટડો ગળે ઉતારતો હોય એવું ડાચું કરીને થોડી વાર મૂંગો રહ્યો અને દર્દભર્યા સ્વરે બોલ્યો, 'સાલું, મારે આ અઠ્ઠાવનમાં વર્ષે ત્રેસઠ વર્ષની બાઈને ગમે એવી પ્રવૃત્તિઓ કરવી પડે, તેનાથી મોટી ટ્રેજેડી આ જિંદગીની બીજી કઈ હોઈ શકે? આવી સાંસ્કૃતિક પ્રવૃત્તિ ઘરમાં કરીએ તો આજેય પત્નીને ફરીથી ગમવા માંડીએ. પત્નીને શું-શું ગમે છે તે તો ખબર જ છે, પણ એવી પ્રવૃત્તિ તો કદી કરી જ નહીં.

મકાન માટે વૈરાગીબહેનને રિઝવવાની પ્રવૃત્તિમાં તો પ્રેક્ટિસ ઘરમાં કરવાની અને કાર્યક્રમ બીજે રજૂ કરવાનો. એ તો સંગીત જેવું-રિયાઝ ઘરમાં કરવાનો ને કોન્સર્ટ બહાર કરવાની.

વળી, આવી ગમવાની પ્રવૃત્તિનો ક્વોટા વૈરાગીબહેન માટે જ વપરાઈ જાય તો પછી ઘરવાળી માટે તો કંઈ વધે જ નહીં ને! પછી ઘેર તો ડાચું ચડાવીને જ બેસવાનું ને. ઘરમાં કાયમ ડાચું ચડાવીને બેસવાથી ઘરવાળી સાથે બખેડો થાય. એ બખેડો વધે તો છૂટાછેડા થાય. જો એવું થાય તો મકાન તો એનું એ જ રહે, પણ બીજી ઘરવાળી ગોતવા નીકળવું પડે. આ અઠ્ઠાવનમે વર્ષે બીજી ઘરવાળી ગોતવા નીકળવું એ તો નેવાના પાણી મોભે ચડાવવા જેવું અઘરું.

મિત્ર વિશેષમાં કહે, 'બીજી બાજુ મારા સિત્તેર વર્ષના વાંઢા રહી ગયેલા કાકા પણ આ સાંભળીને પુનઃ લગ્નોત્સુક થાય અને મને કહે કે, 'અલ્યા જીગલા, તારા હાટુ ગોતતો હો તો મારા જોગુંય જોતો રે'જે.''

મિત્રની વ્યથાની કથા સાંભળ્યા પછી મને ખ્યાલ આવ્યો કે આ તો 'બાત નીકલી તો દૂર તલક જાયેગી.'

આ બધી વિટંબણા હોવા છતાં મિત્ર માટે એક જ ઉપાય હતો કે વૈરાગીબહેનને ગમે તેવી પ્રવૃત્તિ કરવી, જેથી કરીને તેઓ પ્રસન્ન થાય તો અગિયાર મહિના પછી ફરીથી મકાન માટે ટહેલ નાખવી ન પડે.

એ પણ ધ્યાન રાખવું પડે કે પુનઃ ભાડા કરાર કરવા જતાં દિલ બેકરાર ન થઈ જાય. નહીં તો પછી 'દિલ હૈ કી માનતા નહીં' જેવી સાઈડ ઈફેક્ટ થાય.

માટે ચેતતા નર સદા (થોડા-થોડા) સુખી.

(બાકીનું આવતાં અંકે)

## -:: ગરમાગરમ ::-

નજીકના ભવિષ્યમાં હિન્દીનું પ્રશ્નપત્ર કંઈક આવું હશે...

**પ્રશ્ન :** ઈસ સોન્ગ કા ભાવાર્થ બતાઈયે...

**સોન્ગ :** 'તેરી બ્લુ આયઝ હિપ્નોટાઈઝ કરતી હૈ મેંનૂં, આઈ સ્વેર, છોટી ડ્રેસ મેં બૉમ્બ લગદી હૈ તૈનૂં.'

**ઉત્તર :** ભાવાર્થ : આ સોંગના રચયિતા કવિશ્રી 'હાય વોય હનીસિંઘ' ભાવવિભોર થઈને એવું કહે છે કે...

'હે દેવી, તેરે નીલે-નીલે નેત્ર મુઝે સંમોહિત કર રહે હૈં. મેં કસમ સે કહતા હૂં કિ આપ તુચ્છ વસ્ત્રોમાં પણ વિસ્ફોટક સામગ્રી સમાન પ્રતીત હો રહી હૈં!'